# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-06-2024** **Evening : 7.50 to 8.00**

**Day : Sunday** **National News**

**આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.**

---

- ✓ અરૂણાચલ પ્રદેશની વિભાનસભા ચૂંટણીમાં ભાજપને ફરી બહુમતી - તો સિક્કિમ ક્રાંતિકારી મોર્ચા પક્ષનો વિજય.
- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં લૂ, આગ અને રેમલ ચક્રવાતને કારણે થયેલા નુકસાન અંગેની સમીક્ષા બેઠકમાં, આફતોને નિવારવા આગોતરાં પગલા લેવા પર ભાર મૂક્યો.
- ✓ દિલ્હીમાં દારૂનીતિ મામલે મની લૉન્ડ્રીંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જામીન પૂર્ણ થતા તિહાડ જેલમાં આત્મસમર્પણ કર્યું.
- ✓ ઉત્તર પશ્ચિમ ભારત સહિતના કેટલાક ભાગોમાં તાપમાનમાં ઘટાડો અને પૂર્વોત્તર તેમજ દક્ષિણ ભારતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદની આગાહી.
- ✓ ભારતીય ચેસ ખેલાડી પ્રજ્ઞાનંદાએ નોર્વે ચેસ ટુર્નામેન્ટમાં અમેરિકાના ખેલાડી ફેબિયાનો કારુઆનાને હરાવીને વિશ્વ રૅન્કિંગમા ટોચના દસ ખેલાડીઓમાં સ્થાન મેળવ્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## POLL RESULTS

અરૂણાચલ પ્રદેશમાં ફરી એકવાર ભારતીય જનતા પક્ષની સરકાર બનવા જઈ રહી છે. જ્યારે સત્તારૂઢ સિક્કીમ ક્રાંતિકારી મોર્ચાએ સિક્કિમમાં બહુમત હાંસલ કર્યું છે. આ બંને પૂર્વોત્તર રાજ્યોની વિધાનસભા ચૂંટણી માટે આજે મત ગણતરી કરવામાં આવી. અરૂણાચલ પ્રદેશની 60 બેઠકો, જ્યારે સિક્કીમની 32 બેઠકો માટે, 19 એપ્રિલના રોજ લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા સાથે મતદાન થયું હતું.

અરૂણાચલ પ્રદેશમાં ભાજપ પરિણામ પૂર્વે જ 10 બેઠકો બિનહરિફ જીતી ચૂક્યું છે. બાકી રહેલી 50 બેઠકોના પરિણામ આજે જાહેર થયા, જેમાં ભાજપને 36 બેઠકો, નેશનલ પીપલ્સ પાર્ટીને પાંચ, રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી અને અપક્ષને ત્રણ-ત્રણ, પીપલ્સ પાર્ટી ઑફ અરૂણાચલને બે, જ્યારે કે ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસને એક બેઠક મળી હતી.

સિક્કીમની તમામ 32 બેઠકો પર જાહેર થયેલા પરિણામોમાં સિક્કીમ ક્રાંતિકારી મોર્ચાએ 31 બેઠકો પર વિજય હાંસલ કર્યો છે. સિક્કિમ ડેમોક્રેટિક ફ્રન્ટ માત્ર એક બેઠક જીતી શકયુ છે. રાજ્યના મુખ્યમંત્રી અને એસકેએમ અધ્યક્ષ પ્રેમ સિંહ તમાંગે રેનૉક અને સોરંગે ચાકુંગ એમ બે બેઠકો પર જીત મેળવી છે.

બંને રાજ્યોનો વિધાનસભા કાર્યકાળ આજે સમાપ્ત થયો છે.

## ECI-CENTRAL-FORCES

ચૂંટણી પછી કોઈપણ પ્રકારની હિંસા અટકાવવા માટે ચૂંટણી પંચે રાજ્યોમાં કેન્દ્રીય સુરક્ષા દળો તૈનાત કરાયા છે.

આયોગે રાજ્યો અને કેન્દ્રીય નિરીક્ષકોના મૂલ્યાંકનના આધારે આ નિર્ણય લીધો છે. આંધ્રપ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં મતગણતરી બાદ 15 દિવસ માટે

**સુરક્ષા દળો તૈનાત કરાવવામાં આવ્યા છે. જ્યારે મતગણતરી બાદ બે દિવસ સુધી ઉત્તરપ્રદેશ, ઓડિશા, સિક્કિમ અને અરુણાચલ પ્રદેશમાં સુરક્ષા દળો તૈનાત રહેશે.**

## EXIT POLLS CONGRESS

કૉંગ્રેસે લોકસભા ચૂંટણી માટે ખાનગી ટેલિવિઝન માધ્યમો અને અન્ય સંસ્થાઓએ એક્ઝિટ પૉલના આંકડાને અયોગ્ય ગણાવ્યા છે.

કૉંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું કે, એક્ઝિટ પૉલ સંપૂર્ણ રીતે ખોટા છે. શ્રી રમેશે કહ્યું, તમામ પક્ષોના નેતાઓએ રાજ્યવાર વિશ્લેષણ કર્યું અને એ નિષ્કર્ષ પર પહોંચ્યા કે, ઈન્ડી ગઠબંધનને 295 બેઠક મળશે.

## PM MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશમાં વિવિધ આફતો માટે સમીક્ષા બેઠક કરી હતી. બેઠકમાં પ્રધાનમંત્રીને આગામી દિવસોમાં જે રાજ્યોમાં લૂની સ્થિતિ યથાવત રહેવાની એ વિશે માહિતી આપી હતી. હવામાન વિભાગ અનુસાર ગુજરાત, રાજસ્થાન, તેમજ મધ્ય પ્રદેશના કેટલાક ભાગોમાં ગરમીની સ્થિતિ યથાવત રહેશે.

આ વર્ષે દેશના મોટાભાગના વિસ્તારોમાં ચોમાસું સામાન્ય અને ક્યાંક સામાન્યથી સારું, તો કેટલાક ભાગોમાં સામાન્ય કરતા ઓછું રહેવાની શક્યતા છે.

આ બેઠકમાં પ્રધાનમંત્રી મોદીએ આગની ઘટનાઓને રોકવા અને તેમનો માટે નિયમિત રૂપે અભ્યાસ પર ભાર મૂક્યો. આ ઉપરાંત હૉસ્પિટલ તેમજ અન્ય જાહેર સ્થળોએ અગ્નિ ઑડિટ અને વિદ્યુત સુરક્ષા ઑડિટ નિયમીત રૂપે કરાવવા કહ્યું છે. પ્રધાનમંત્રીને જંગલની આગની સમય પર ઓળખ કરી શકાય અને તેના વ્યવસ્થાપન માટે 'વન અગ્નિ' પોર્ટલની ઉપયોગીતા વિશે માહિતીગાર કરાયા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચક્રવાત રેમલ બાદ થયેલા નુકસાનની સમીક્ષા બેઠકની અધ્યક્ષતા પણ કરી. બેઠક દરમિયાન તેમને ચક્રવાત પ્રભાવિત વિસ્તારો અને પૂરને પગલે થયેલા નુકસાન વિશે માહિતી આપવામાં આવી. જેમાં

મિઝોરમ, અસમ, મણીપુર, મેઘાલય અને ત્રિપુરામાં ભૂસ્ખલન અને પૂરને કારણે થયેલા જાનમાલના નુકસાનની ચર્ચા કરવામાં આવી

## CONGRESS MEET

કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, રાહુલ ગાઁધી, પક્ષના મહાસચિવ કે. સી. વેણુગોપાલ તેમજ પાર્ટીના નેતાઓએ આજે નવી દિલ્હીમાં વર્ચ્યૂઅલ માધ્યમથી બેઠક કરી હતી. બેઠકમાં પક્ષની મતગણતરી પૂર્વેની રણનીતિ વિશે ચર્ચા કરવામાં આવી. બેઠકમાં કૉંગ્રેસના લોકસભા ઉમેદવાર, પાર્ટી નેતા અને પ્રદેશ અધ્યક્ષ પણ સામેલ હતા.

## EC _ CONGRESS

કેન્દ્રીય ચૂંટણી પંચે કૉંગ્રેસના નેતા જયરામ રમેશને આચારસંહિતાના ભંગ  મામલે જવાબ આપવા કહ્યું છે. ચૂંટણી પંચમાં તેમની સામે ફરિયાદ છે કે તેમણે ગૃહમઁત્રી અમિત શાહે લોકસભા ચૂંટણીની ગણતરી પૂર્વે 150 જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા કલેક્ટર્સને ફોન કર્યો હતો તેવું નિવેદન આપ્યું હતું.

ચૂંટણી પંચે જયરામ રમેશને એક પત્ર લખ્યો છે, જેમાં તેમને સ્પષ્ટતા આપવા જણાવ્યું છે. પંચે સ્પષ્ટ કર્યું છે કે આદર્શ ચૂંટણી સંહિતાના અમલ દરમિયાન તમામ અધિકારીઓ પંચ દ્વારા નિયુક્ત હોય છે, અને તેઓ સીધા પંચને જવાબદાર છે. પંચે કોઈ પણ જિલ્લા મેજિસ્ટ્રેટને અયોગ્ય રીતે પ્રભાવિત કરવા વિશે કોઈ જ માહિતી ન  હોવાનું જણાવ્યું.

## KEJRIWAL SURRENDER

દિલ્હી દારૂ નીતિમાં મની લૉન્ડ્રીંગ કેસમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના જામીન આજે પૂર્ણ થતા તેમણે તિહાર જેલમાં સરન્ડર કર્યું હતું. અરવિંદ કેજરીવાલે એક્ઝિટ પોલ મુદ્દે ભાજપ સામે પ્રહાર કર્યા હતા. અરવિંદ કેજરીવાલ જેલ જતા પહેલા આપ કાર્યાલય ગયા અને કાર્યકર્તાઓને મળ્યા હતા.

બપોરે તેઓ રાજઘાટ ગયા હતા, જ્યાં મહાત્મા ગાંધીની સમાધિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. એ પૂર્વે તેમણે કનોટ પ્લેસ સ્થિત હનુમાન મંદિરમાં પૂજા અર્ચના કરી હતી.

## WEATHER

ભારતીય હવામાન વિભાગે દિલ્હી સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં લૂની સ્થિતિ ધીરે ધીરે ઘટવાની શક્યતા દર્શાવી છે. જોકે ઉત્તર પશ્ચિમમાં કેટલાક ભાગો ઉપરાંત મધ્ય ભાગોની સાથે ઓડિશાના અંતરિયાળ વિસ્તારોમાં ગંભીર લૂની સ્થિતિ યથાવત રહેશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક આર. કે. જેનામનીએ આકાશવાણી સાથેની વાતચીતમાં કહ્યું કે દિલ્હી સહિત ઉત્તર પશ્ચિમ ભારતમાં તાપમાન ધીરે ધીરે ઘટી રહ્યુ છે. વધુમાં તેમણે કહ્યું કે પશ્ચિમી વિક્ષેપની અસરને પગલે હવામાન પર અસર થઈ રહી છે અને તાપમાનમાં ઘટાડો થશે. દિલ્હી સહિત દેશના ઉત્તર પશ્ચિમી ભાગોમાં 4થી 6 જૂન સુધી ગાજવીજ સાથે હળવો વરસાદ થવાની શક્યતા છે.

હવામાન વિભાગે આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન પૂર્વોત્તર ભારત અને દક્ષિણ ભારતના જુદાં જુદાં વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરી છે. આગામી ચાર દિવસમાં અરૂણાચલ પ્રદેશ, અસમ, મેઘાલય, પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, મણિપુર અને સિક્કીમના વિવિધ ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે.

## GERMANY FLOOD

**જર્મનીના દક્ષિણ ભાગમાં વિનાશક પૂરને પગલે 600થી વધારે લોકોને સલામત સ્થળોએ ખસેડાયા છે. છેલ્લા કેટલાક દિવસથી પડી રહેલા ભારે વરસાદને પગલે દક્ષિણની મોટાભાગની નદીઓ ભયજનક સપાટીએ વહી રહી છે. જેને કારણે કાંઠા વિસ્તારોમાં જાનમાલને નુકસાન થયું છે. સ્થાનિક મીડિયા અહેવાલ અનુસાર**

**કેટલાક વિસ્તારોમાં જળ સ્તર એક દાયકામાં તેની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયું છે.**

**અધિકારીઓના જણાવ્યા અનુસાર દસ જેટલા જિલ્લાઓમાં આફતની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. જેમાં ન્યૂનબર્ગ -શ્રોબેનહાઉજેન જિલ્લામાં 670થી વધુ લોકોને સ્થળાંતરની ફરજ પડી હતી. અન્ય એક શહેરમાં પણ પૂરના જોખમને જોતા અંદાજે 1300 લોકોને ઘર છોડવાની ફરજ પડી હતી.**

## NORWAY CHESS

ભારતીય ચેસ ખેલાડી આર. પ્રજ્ઞાનંદાએ નોર્વે ચેસ ટુર્નામેન્ટના પાંચમા રાઉન્ડમાં વિશ્વના બીજા ક્રમાંકના અમેરિકી ખેલાડી ફૈબિયાનો કારુઆનાને હરાવ્યા હતા. આ સાથે જ તેઓ વિશ્વ રૅન્કિંગમાં ટોચના દસ ખેલાડીઓમાં સામેલ થયા છે. વિશ્વમાં પ્રથમ હરોળના ખેલાડી મેગ્નસ કાર્લસન આ સ્પર્ધામાં સાડા આઠ અંકો સાથે ત્રીજા સ્થાને છે.

મહિલાઓની શ્રેણીમાં આર. વૈશાલીએ ચીનની ખેલાડીને હરાવીને લીડ મેળવી છે.

## ODISHA - FIRE CRACKERS

ઓડિશામાં, પુરી ખાતે ફટાકડાના જથ્થામાં થયેલા વિસ્ફોટમાં મૃત્યુઆંક 11 પર પહોંચ્યો છે, જેમાં સારવાર હેઠળના વધુ ત્રણ લોકો મૃત્યુ પામ્યા છે. બુધવારે રાત્રે ભગવાન જગન્નાથની ચંદન યાત્રા દરમિયાન થયેલા વિસ્ફોટમાં ઓછામાં ઓછા 30 લોકો ઘાયલ થયા હતા.

19 ઇજાગ્રસ્તોની પુરી, ભુવનેશ્વર અને કટકની અલગ-અલગ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે ઘટનાની તપાસના આદેશ આપ્યા છે અને મૃતકના નજીકના સંબંધીઓને 4 લાખ રૂપિયાની સહાયની

જાહેરાત કરી છે. દરમિયાન પોલીસે સુઓમોટુ ફોજદારી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## UJJAIN MAHAKAL BHASHMA AARTI

ઉજ્જૈનના સુપ્રસિદ્ધ જ્યોતિર્લિંગ ભગવાન મહાકાલેશ્વરના મંદિરમાં ભસ્મ આરતીની બુકિંગ વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવવા માટે કલેક્ટર નીરજકુમાર સિંહના નિર્દેશનમાં ગઈકાલથી નવી વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. આ વ્યવસ્થા મુજબ ‘પહેલા આવો અને પહેલા મેળવો’ના આધારે મહાકાલેશ્વર મંદિરની વેબસાઈટ પર પહેલી જુલાઈથી 31 જુલાઈ માટે નવ હજાર 153 શ્રદ્ધાળુઓની ભસ્મ આરતીની અરજી સ્વીકારવામાં આવી છે. ઉપરાંત ઑગસ્ટ, સપ્ટેમ્બર અને ઑક્ટોબર મહિનાનું બુકિંગ પણ કરાવી શકાશે.

કલેક્ટર નીરજકુમાર સિંહે કહ્યું કે, નવી વ્યવસ્થા મુજબ હવે શ્રદ્ધાળુઓ પહેલાથી જ ભસ્મ આરતીનું આયોજન કરી શકશે. હવે દર મહિનાની પહેલી તારીખે આવતા મહિનાની ભસ્મ આરતીનું બુકિંગ જાહેર કરી દેવામાં આવશે. તેમ જ આગામી ત્રણ મહિના માટે ભસ્મ આરતી માટેનું બુકિંગ કરાવી શકાશે.

કલેક્ટરશ્રીએ કહ્યું, 15 દિવસ પહેલા ભસ્મ આરતીનું બુકિંગ કરવામાં આવતું હોવાની વ્યવસ્થા 15 જૂનથી સંપૂર્ણ રીતે બંધ કરવામાં આવશે.

## ICC T20

આઈસીસી ટી -20 વિશ્વ પમાં આજે વેસ્ટઇન્ડિંઝ અને પાપુઆ ન્યૂ ગિની વચ્ચે મેચ આગામી થોડી ક્ષણોમાં મેચ રમાવવા જઇ રહી છે.

વિશ્વ કપની પ્રથમ મેચમાં અમેરિકાની ટીમે કેનેડાને હરાવી વિજયી શરૂઆત કરી હતી. કેનેડાની ટીમે પ્રથમ બેટિંગ કરતાં 20 ઑવરમાં 5 વિકેટ ગુમાવી 194 રન બનાવ્યા હતા. જ્યારે અમેરિકાની ટીમે 18 ઑવરમાં જ 195 રન બનાવી

જીત હાંસલ કરી હતી. અમેરિકા તરફથી એરોન જોન્સ અને એન્ડ્રીસ ગૉસે અડધી સદી બનાવી હતી.

## CHESS

ગાંધીનગરમાં ગિફ્ટ સિટી, ખાતે આંતરરાષ્ટ્રીય સ્તરના ચેસ ખેલાડીઓ વચ્ચે ચેસ ચેમ્પિયનશીપ શરૂ થઇ છે..ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશન દ્વારા આયોજિત વર્લ્ડ જુનિયર ચેસ ચેમ્પિયનશિપ 2024નું આજે ઉદઘાટન થયું હતું.. પાંચ વખત વર્લ્ડ ચેસ ચેમ્પિયન પૂર્વ આંતરરાષ્ટ્રીય ચેસ ખેલાડી અને પદ્મ વિભૂષણ વિશ્વનાથન આનંદના હસ્તે આ આંતરરાષ્ટ્રીય ચેસ સ્પર્ધાનું ઉદઘાટન થયું હતું.., , પૂર્વ બિલિયર્ડ ખેલાડી પદ્મશ્રી ગીત સેઠી, , પદ્મશ્રી એવોર્ડી, રાઈફલ શૂટિંગમાં બ્રોન્ઝ મેડલિસ્ટ ગગન નારંગ અને ગુજરાત રાજ્ય ચેસ એસોસિએશન દેવ પટેલની ઉપસ્થિતમાં ચેસ ચેમ્પિયનશીપનું ઉદઘાટન થયું હતું.. 14મી, સુધી ચાલનારી આ ચેમ્પિટનશીપમાં 46 દેશોના 228 ખેલાડીઓ ભાગ લઇ રહ્યાં છે.